# ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ

**(An ISO 9001:2008 Company)** CIN U40109GJ2004SGC045195

રજી. અને કોર્પોરેટ ઓફિસ: સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસ કોર્સ, વડોદરા-૩૯૦૦૦૭

| | | |
|---|---|---|
| Email:setech.guvnl@gebmail.com<br>eesolar.guvnl@gebmail.com | web site: www.guvnl.com | Tele (Di) : (0265) 2340205<br>PBX : (0265) 2310582 to 86<br>FAX : (0265) 2337918, 2338164 |


**નં. જીયુવીએનએલ/ ટેક/સોલર સેલ /સ્કાય/ ૧૭૪૮** **તારીખ: ૨૪/૦૭/૨૦૧૮**

**<u>પરિપત્ર:</u>**

**વિષય: રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલ સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય) ના અમલીકરણ બાબતે**

**રાજ્ય સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઠરાવ ક્રમાંક: SLR/11/2016/2284/B1 તા. ૨૭/૬/૨૦૧૮ થી સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય)/(SKY) જાહેર થયેલ છે. આ યોજનાના ચારેય વીજ વિતરણ કંપનીમાં એકસરખા અને સફળ અમલીકરણ માટે નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.**

**આ પરિપત્રમાં ઉપયોગ થયેલ શબ્દો કે શબ્દસમૂહો ની વ્યાખ્યા આ સાથે જોડેલ 'પરિશિષ્ટ-ક' મુજબ રહેશે.**

**<u>આ યોજનાનું અમલીકરણ નીચે દર્શાવેલ શરતો ને આધીન રહી કરવાનું રહેશે.</u>**

1. હયાત ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતો નો SKY યોજનામાં સમાવેશ કરી શકાશે.

2. જે તે SKY ફીડર માટે સંબંધિત ખેડૂતો દ્વારા ખેડૂતોની સંચાલન સમિતિની રચના કરવાની રહેશે. જો ફીડર ઉપરના ખેડૂતો ની સંખ્યા ૧૦૦ કે તેથી ઓછી હોય તો તે બધા ખેડૂતો વતી આ સમિતિમાં કુલ સભ્ય સંખ્યા ૫(પાંચ) થી ૭ (સાત) રાખવાની રહેશે. જો ફીડર ઉપરના ખેડૂતો ની સંખ્યા ૧૦૦ કે તેથી વધારે હોય તો તે બધા ખેડૂતો વતી આ સમિતિમાં કુલ સભ્ય સંખ્યા ૯ (નવ) થી ૧૧ (અગિયાર) રાખવાની રહેશે. સમિતિના પ્રમુખ આ યોજનાના અમલીકરણ માટે જે તે વીજ વિતરણ કંપની સાથે વ્યવહાર કરશે. ખેડૂતો દ્વારા રચવાની થતી આ સમિતિ માટે નિયત કરેલ શરતો, નિયમો, જવાબદારીઓ, કાર્યો, વિગેરે આ સાથે જોડેલ 'પરિશિષ્ટ-ગ' મુજબ રહેશે અને તેની ઔપચારિક નોંધણી સંલગ્ન વિભાગીય કચેરી માં કરાવવાની રહેશે. વિભાગીય કચેરી દ્વારા આવી તમામ સમિતિઓની માહિતી જાળવવાની રહેશે.

3. SKY માં જોડાવા માગતા ખેડૂતો પાસેથી વીજ કંપની દ્વારા જે તે ફીડર માટે નિયત કરેલી એજન્સી દ્વારા તે અંગેની અરજીઓ મળ્યેથી દિન ૭ (સાત) માં જે તે પેટાવિભાગીય કચેરી દ્વારા જેતે ગ્રાહક ના વિજભાર ની ખરાઈ કરી લેવાની રહેશે.

4. જો જોડાયેલ વિજભાર કરારીત વિજભાર કરતાં વધારે હોય તો તે નિયમિત કરવાની કાર્યવાહી તાત્કાલિક કરવાની રહેશે અને તે મુજબ નો નિયમિત કરેલ કરારીત વિજભાર, સોલર પીવી સિસ્ટમ ની દરખાસ્ત બનાવતી વખતે એજન્સી દ્વારા ગણતરીમાં લેવાનો રહેશે. આ લોડ વધારો હયાત કરારીત વિજભારના ૧.૫ ગણા સુધી જ મંજૂર કરવામાં આવશે.

5. આ યોજનામાં ગ્રીડ સાથે જોડાયેલ ખેડૂતો ૧. હો.પા. દીઠ ૧.૨૫ કિ.વો. લેખે ખેડૂત જેટલા હોર્સ પાવરનું જોડાણ ધરાવતો હોય તે પ્રમાણે સોલર ફોટોવોલ્ટિક પીવી સિસ્ટમ સ્થાપિત કરી શકશે. જે આ સાથે જોડેલ 'પરિશિષ્ટ-ખ' મા દર્શાવ્યા મુજબ તાંત્રિક રીતે લાગુ પડતી યોગ્ય ક્ષમતા અનુસાર રહેશે.

6. ખેડૂત જો ઇચ્છે તો સ્વખર્ચે વધુ સોલર પી.વી. સિસ્ટમ ક્ષમતા વીજ વિતરણ અને વીજ પરિવહન નેટવર્કની મર્યાદામાં રહીને આવશ્યક તાંત્રિક મંજૂરી લીધા બાદ સ્થાપી શકશે પરંતુ સબસિડી ખેડૂત જેટલા હો.પા. નું જોડાણ ધરાવતો હોય તેમાં ૧ હો.પા. દીઠ ૧.૨૫કી.વો. પૂરતી મર્યાદિત રહેશે પરંતુ જે કરારીત વિજભાર ના ૧.૫ ગણા અથવા ૧૨૫ કી.વો., બે માથી જે ઓછું હશે તે મળવા પાત્ર થશે. મૂળ ક્ષમતા કરતાં વધારા ની સોલાર પી વી સિસ્ટમની ક્ષમતા અધિક ક્ષમતા ગણાશે. અધિક ક્ષમતા ની સોલાર પીવી સિસ્ટમનો ખર્ચ ગ્રાહકે ભોગવવાનો રહેશે જે હયાત વિજપરિવહન અને વિજવિતરણ નેટવર્કની ક્ષમતા ની મર્યાદામાં આવશ્યક તાંત્રિક મંજૂરી ને આધીન રહેશે.

7. જે ખેડૂતો આ યોજનામાં જોડાય તેમના ખેતરમાં સોલર સિસ્ટમ સ્થાપિત કરવાના ખર્ચ ની રકમ ના ઓછામાં ઓછા ૫% રકમ પ્રથમ તબક્કે ભરવાના રહેશે, જ્યારે બાકીની રકમ કેન્દ્ર સરકારની સબસિડી, રાજયસરકારની સબસિડી અને ખેડૂતોવતી નાબાર્ડ /અન્ય નાણાકીય સંસ્થા પાસેથી લોન તરીકે મેળવવામાં આવશે. આ અંગે ની કાર્યવાહી રાજયસરકાર /GUVNL દ્વારા કરવામાં આવશે. ૫% રકમનો 'પરિશિષ્ટ-ઘ' માં દર્શાવ્યા પ્રમાણે નો જે તે વીજ વિતરણ કંપની ના નામનો Account Payee ચેક SKY માં જોડાવા માટે ની અરજી સાથે ખેડૂત પાસેથી જેતે એજન્સીએ એકત્રિત કરી લેવાના રહેશે. જે તે ફીડર નો DPR મંજૂર થયે તમામ ચેક, વિજવિતરણ કંપની ની સંલગ્ન પેટાવિભાગીય કચેરીમાં એજન્સી એ જમા કરાવવાના રહેશે અને તેની પહોંચ જે તે ખેડૂત ને પહોચતી કરવાની રહેશે. એજન્સીએ વિજવિતરણ કંપની દ્વારા તેઓને ફાળવવામાં આવેલ ફીડરના ખેતી વિષયક ગ્રાહકોની યાદી મળ્યેથી દિવસ ૪૫ માં DPR મંજૂરી અર્થે જેતે કંપનીની કોર્પોરેટ ઓફિસ માં રજૂ કરવાનો રહેશે.

8. ખેડૂત ઓછી લોન લેવા ઇચ્છે તો ૫% ના સ્થાને વધુ રકમ upfront ભરી શકશે અને તે સંજોગો માં લોન ચુકવણી નો હપ્તો ઓછો આવશે અને વાર્ષિક વધુ રકમ મળશે. ખેડૂત યોજનામાં જોડાયાબાદ પણ પોતાના ફાળા પેટે વધુ રકમ લોનનાં સમયગાળા દરમિયાન ભરી શકશે અને તેમાટે બાકી રહેતી લોનની રકમની ફરી-ગણતરી (re-calculation )થશે.

9. ખેડૂત દ્વારા સિંચાઇ માટે વપરાતી વીજળી બાદ કરતા જે વીજળી ગ્રીડમાં આપવામાં આવે તે રૂા ૩.૫૦પ્રતિ યુનિટના દરે જે તે વીજ વિતરણ કંપની દ્વારા ખરીદી લેવામાં આવશે. ગ્રીડમાં વીજળી વેચવા માટે કોઈ મહત્તમ મર્યાદા રહેશે નહી.

જે તે ફીડરની કુલ વીજ વિતરણ ઘટ તે ફિડરના બધા SKY ગ્રાહકોના નેટ-મીટરમાં નોંધાયેલ Export થયેલ યુનિટ ના પ્રમાણમાં વરાડે( Pro-rata) વહેંચવાની રહેશે. તે માટે Energy Accounting પદ્ધતિ અલગથી આપવામાં આવશે. આ રીતે ખેડૂત પાસેથી ખરીદવા પાત્ર થતી નેટ બિલીંગ એનર્જીની ગણતરી કરવાની રહેશે.

10. ખેડૂત અને જે તે વિજવિતરણ કંપની વચ્ચે વધારાની ઉત્પાદિત સોલાર વીજળીની ખરીદ-વેચાણ માટે ૨૫ વર્ષ નો કરાર કરવામાં આવશે. એટલે કે ૨૫ વર્ષો સુધી આ કિંમતે (રૂા ૩.૫૦ પ્રતિ યુનિટ) ખેડૂત ની વીજળી જે તે વીજવિતરણ કંપની દ્વારા ખરીદવામાં આવશે.

11. જો કોઈ બિલીંગ સાયકલમાં ખેડૂતે નેટ ઇમ્પોર્ટ (નેટ-વપરાશ)કર્યો હોય એટલે કે ઉત્પાદિત સૌર ઉર્જા કરતાં વધુ વીજળી વાપરેલ હોય તો તે પેટે તેણે પ્રતિ યુનિટ જી.ઇ.આર.સી. ટેરિફ (રૂા ૩.૫૦ પ્રતિ યુનિટ) વીજ વિતરણ કંપનીને ચુકવવાના રહેશે.

12. ઉપર જણાવ્યા મુજબ ૨૫ વર્ષ સુધી જે તે વીજ વિતરણ કંપની રૂા ૩.૫૦ પ્રતિ યુનિટની કિંમતે ખેડૂતોની વધારાની વીજળી ખરીદશે. તે ઉપરાંત ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે સૌર ઉર્જા ઉત્પાદન શરૂ થાય (Commissioning) ત્યારથી પ્રથમ ૭ (સાત) વર્ષ માટે રાજય સરકાર દ્વારા આપવાની સબસીડીનાં ભાગ રુપે જે તે ખેડૂત દ્વારા ગ્રીડમાં વેચાતી વીજળી ના રૂા ૩.૫૦ પ્રતિ યુનિટ Evacuation Based Incentive (EBI) ચૂકવવામાં આવશે, જે કી.વો. (KW) દીઠ ૧૦૦૦ યુનિટની વાર્ષિક મર્યાદામાં ચૂકવાશે . ઉદાહરણ તરીકે, ૨૫ કિ.વો.નું સોલાર પીવી સિસ્ટમ ક્ષમતાનું વીજ સ્થાપન ધરાવતો ખેડૂત વાર્ષિક ૨૫૦૦૦ યુનિટ ગ્રીડમાં વેચાણ કરી શકશે.

આમ છતાં ૧. હો.પા. દીઠ ૧.૨૫ કિ. વો. ઉપરાંત ખેડૂતે સ્થાપેલ સોલર ક્ષમતામાંથી ઉત્પાદિત વીજળીના વેંચાણ સામે સરકારની EBI ચૂકવવામાં આવશે નહીં.

બિલિંગ સાઇકલ દીઠ EBI યુનિટ ને સરખે ભાગે વહેંચી જેતે બિલિંગ સાઇકલ દરમિયાન ગ્રીડ માં આપવામાં આવેલ યુનિટ મુજબ જેતે બિલિંગ સાયકલ માં તેનો હિસાબ કરવાનો રહેશે અને વર્ષાન્તે

કુલ EBI યુનિટ સરભર કરવાના રહેશે એટલેકે વર્ષાન્તે મૂળ ક્ષમતા થી ગ્રીડ માં આપેલ કુલ યુનિટ અથવા મળવાપાત્ર EBI યુનિટ જે ઓછું હશે તે ખેડૂત ને ચૂકવવા પાત્ર રહેશે.

આ EBI માટે યુનિટની ગણતરી ઉપરોક્ત ૯ નંબરની કલમ માં Energy Accounting માં દર્શાવ્યા મુજબ અને ઉપરોક્ત ૧૦૦૦ યુનિટની મર્યાદાને ધ્યાને લઈ કરવાની રહશે.

13. રાજ્ય સરકાર દ્વારા ચૂકવાતી આ EBI રાજ્ય સરકારનાં ૩૦% ફાળા પેટે ગણવામાં આવશે અને તે ધિરાણકર્તા સંસ્થા / નાબાર્ડને લોન હપ્તા પેટે ચૂકવવામાં આવશે.

14. સાત વર્ષનાં સમયગાળામાં આ મુજબ રાજ્ય સરકાર ચુકવણી કરશે. ત્યારબાદ સરકાર ની સબસિડીનાં ભાગ રુપે મેળવેલ લોન પૂર્ણ ભરપાઈ થઈ ગયા બાદ EBI ચૂકવવામાં આવશે નહીં, પરંતુ જે તે વીજ વિતરણ કંપની દ્વારા ખેડૂતો દ્વારા વેચાતી વીજળીની ખરીદી પ્રથમ ૭ વર્ષ સુધી ઉપર મુજબ ચાલુ રહેશે અને ત્યારબાદ બાકીના ૧૮ વર્ષ સુધી તે પેટે વીજ વિતરણ કંપની દ્વારા ઉપર મુજબ EBI સિવાય રૂા ૩.૫૦ પ્રતિ યુનિટ લેખે રકમ ખેડૂતોને મળતી રહેશે . ખેડૂતો વતી લોનની પરત ચૂકવણી અંદાજે સાત વર્ષમાં પૂર્ણ થશે.

15. ગ્રીડમાં વેચેલ વીજળી પેટે વીજ વિતરણ કંપની દ્વારા ખેડૂતને આપવાની રકમ દરેક ખેડૂત અને વીજ વિતરણ કંપની દ્વારા ખોલવામાં આવનાર Escrowed Accountમાં જમા થશે . તેમાથી પ્રથમ, ખેડૂતો વતી લેવાયેલ લોનનો હપ્તો ચુકવ્યા બાદ બાકી રહેતી રકમ ખેડૂતને મળી શકશે. જો કોઈ ખેડૂત દ્વારા ગ્રીડ માં વેચેલ વીજળી ની રકમ કરતાં લોન નો હપ્તો વધારે હોય તેવા સંજોગો માં બાકી રહેતી રકમ ગ્રાહકે ભરપાઇ કરવાની રહેશે. જો ગ્રાહક આ લેણી રકમ નાણાકીય વર્ષ દરમિયાન વીજળીના વેંચાણ થી સરભર કરવા માંગે તો તે કરી શકશે, પરંતુ બાકી રહેતી લેણી રકમ કંપનીના પ્રવર્તમાન ધારા-ધોરણ મુજબ ભરપાઈ કરવાની રહેશે.

16. ત્યાર બાદ પણ નાણાકીય વર્ષાન્તે બાકી રહેતી લેણી રકમ ગ્રાહક દ્વારા ભરપાઈ /સરભર ના થયે નિયમ મુજબ ની નોટિસ આપી પંપ-સેટ તરફના વીજમીટર નું જોડાણ કાપવાની કાર્યવાહી કરવાની રહેશે. ઉપરોકત પંપ-સેટ તરફનું વીજ જોડાણ કપાયેલ સંજોગો માં વીજ ઉત્પાદન અને વીજ વેચાણ ચાલુ રહેશે જેમાથી બાકી રહેતી લેણી રકમ DPC (Delay Payment Charges) સાથે વસૂલવાની રહેશે. ત્યારબાદ બાકી રહેતી લેણી રકમ ની સંપૂર્ણ ભરપાઈ થયેથી પુનઃ જોડાણ ચાર્જ વસૂલી ઉપરોકત પંપ-સેટ તરફનું વીજ જોડાણ પુનઃ જોડી આપવામાં આવશે.

17. આ યોજનામાં જોડાતાં ખેડૂતોને કૃષિ વિષયક વિજ વપરાશ માટે અન્ય કોઈ સબસીડી મળવાપાત્ર રહેશે નહીં .

18. આ યોજના માં સોલર પીવી સિસ્ટમ ની માલિકી સોલર પીવી સિસ્ટમ commission થાય પછી ના પ્રથમ ૭ (સાત) વર્ષ (લોન ની મુદત) સુધી સરકાર વતી જે તે વિજવિતરણ કંપનીની રહેશે. લોન ભરપાઈ થયા બાદ સિસ્ટમ ની માલિકી ખેડૂત ની રહેશે.

19. હિસાબના હેતુમાટે ખેડૂતની બિલીંગ સાયકલ પ્રમાણે ખેડૂતે કેટલી વીજળી વાપરી છે /ગ્રીડમાં વેચી છે તે નક્કી કરવામાં આવશે. બિલીંગ સાયકલ હાલ દ્વિમાસિક રહેશે.

20. SKY ફીડર પરના SKY સિવાયના તમામ પ્રકારના વીજ જોડાણના પ્રવર્તમાન વીજ દર ચાલુ રહેશે.

21. વીજ જોડાણ ધારક જે સર્વે નંબર માં ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા હોય તેજ સર્વે નંબર માં સોલર પીવી સિસ્ટમ લગાવવા ની રહેશે અથવા વીજ જોડાણ ધારકની વિનંતી ને ધ્યાન માં લઈ, વોલ્ટેજ ડ્રોપ તેમજ કેબલ ની લંબાઈ ના કારણે થનાર વીજ વ્યય ની CUF પર થનાર અસર ને ધ્યાનમાં લઈ ગ્રાહક અને એજન્સી દ્વારા સંયુક્ત રીતે જે તે વીજ વિતરણ કંપનીની મંજૂરી લઈ તેની માલિકીના એક જ શેઢે આવેલ બાજુના સર્વે નંબર માં શક્ય હશે તો સોલર પીવી સિસ્ટમ લગાવી શકાશે. આ માટે જે તે વીજ વિતરણ કંપનીની મંજૂર મેળવીનેજ EOI ના ટેકનિકલ સ્પેસિફિકેસન અને સ્કોપ ઓફ વર્ક ને આધીન કાર્યવાહી કરવાની રહેશે.

22.જો કોઈ ખેડૂત વીજ જોડાણ એજ સર્વે નંબર માં અથવા પોતાની માલિકીના અન્ય સર્વે નંબરમાં માં ખસેડવા ઇચ્છે તો તે વિજવિતરણ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ કરી શકશે. નવી જગ્યા નું ફીડર SKY ફીડર હશે તો જ SKY યોજના નો લાભ મળી શકશે પરંતુ આવા કિસ્સાઓમાં સિસ્ટમ ની ગેરેન્ટી, મેંટેનન્સ અને વિમા ના લાભો મળવાપાત્ર રહેશે નહીં અને તેવા સંજોગોમાં સોલર પીવી સિસ્ટમ ખસેડવા નો ખર્ચ ગ્રાહકે ભોગવવા નો રહેશે. વીજ જોડાણ SKY ફિડર સિવાય ના ખેતીવાડી ફીડરમાં ખસેડવાના કિસ્સામાં સોલર સિસ્ટમની જે તે વખતે બાકી લેણી રહેતી રકમ ખેડૂત દ્વારા ભરપાઈ કરી દેવાની રહેશે અને વીજળી વેંચાણ કરી શકશે નહીં.

23.જો કોઈ ખેડૂત સોલર સિસ્ટમ commission થયા બાદ લોડ વધારો અથવા ઘટાડો કરવા ઇચ્છે તો તે વિજવિતરણ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ કરી શકશે. તેવા સંજોગો માં લોડ ઘટાડા માટે સોલર સિસ્ટમ ની ક્ષમતા ઘટાડવાની જરૂર રહેશે નહીં. પરંતુ લોડ વધારા માટે તે સ્વખર્ચે નવા કરારીત વિજભારના ૧.૨૫ ગણા મુજબની ક્ષમતા ની સોલર પીવી સિસ્ટમ વીજ વિતરણ કંપનીની મંજૂરીને આધીન બેસાડી શકશે. આવા કિસ્સામાં વધારાની બેસાડેલ સોલર પીવી સિસ્ટમ થી ગ્રિડમાં આપેલ વધારાની વીજળી ઉપર સરકાર તરફથી મળતી EBI મળવા પાત્ર રહેશે નહીં.

24.જો કોઈ ખેડૂત પોતાનું ખેતી વિષયક વીજ જોડાણ કાયમી ધોરણે બંધ કરાવવા ઇચ્છે તો તે વિજવિતરણ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ કરી શકશે. તેવા સંજોગોમાં માં ખેડૂતે સિસ્ટમની તેમજ અન્ય બાકી રહેતી તમામ રકમ સાથે સપૂર્ણ રકમ ભરપાઈ કરી સિસ્ટમ ની માલિકી મેળવી તે સિસ્ટમ ને ત્યાથી દૂર કરી શકશે. આવા સંજોગો માં વિજવિતરણ કંપની અને એજન્સી સાથે કરવામાં આવેલ તમામ કરાર ગ્રાહક તરફથી વીજ જોડાણ કાયમી ધોરણે બંધ કરવાની નોટિશ આપ્યાના ૯૦ (નેવું ) દિવસ બાદ રદ થવાને પાત્ર થશે.

25.જો કોઈ ખેડૂત પોતાના વીજ જોડાણનું નામફેર કરવા ઇચ્છે તો તે પ્રવર્તમાન નિયમોને આધીન કરી શકશે. આવા સંજોગો માં સોલર સિસ્ટમ ની માલિકી અને લોન ની જવાબદારી આવનાર નવા ગ્રાહકની રહેશે અને તે મુજબ તમામ કરારો આવનાર નવા ગ્રાહકના નામે તબદીલ થવાને પાત્ર થશે અને આવનાર નવા ગ્રાહકે નવા કરારો કરવાના રહેશે. આ માટે લાગુપડતા જે તે ચાર્જીસ નવા ગ્રાહકે ભરવાના રહશે.

26. SKY ફીડરના SKY યોજનામાં જોડાયેલ તમામ ગ્રાહકોને ગ્રિડના સપોર્ટ સાથે દિવસ દરમ્યાન આશરે બાર કલાક સુધી વીજ પુરવઠો આપવાનો રહેશે.

27.જે ખેતીવિષયક વીજ ગ્રાહક SKY માં જોડાયેલ નથી તે ગ્રાહક ને વીજ પુરવઠો વોચડોગ ટ્રાન્સફોર્મર /ઉપકરણ થી આપવાનો રહેશે. જે ટ્રાન્સફોર્મર પર એક કરતાં વધારે ગ્રાહક છે અને તેમાથી બધાજ ગ્રાહક SKY માં નથી જોડાતા તે ટ્રાન્સફોર્મર બદલી વોચડોગ ટ્રાન્સફોર્મર મૂકવાનું રહેશે. જ્યારે અન્ય ટ્રાન્સફોર્મર ની LT લાઇન પર આવેલ SKY માં ના જોડાયેલ ગ્રાહક ના સર્વિસ પોલ પર વોચડોગ ઉપકરણ મૂકી તેમાથી તે ગ્રાહક ને સર્વિસ આપવાની રહેશે. SKY માં ના જોડાતા ગ્રાહક નો વીજ પુરવઠો પ્રવર્તમાન નીતિ મુજબ ૮ (આઠ) કલાક મળવા પાત્ર રહેશે અને તેમનો વીજ વપરાશ વોચડોગ ઉપકરણ ના મીટર મુજબ ગણી એનર્જી એકાઉંટિંગ કરવાનું રહેશે.

28.SKY ફીડર પરના બધા મીટરો, મીટરીંગ કોન્સોલ તેમજ વોચ ડોગ ઉપકરણોનું સીલિંગ અને લોકિંગ અને pilfer proof નિયમોનુસાર કરવાનું રહેશે.

29.SKY ફીડર પર વીજ સાતતત્ય (feeder availability) જાળવવા સંલગ્ન વીજ વિતરણ કંપની દ્વારા જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

30.SKY ફીડર પર આવેલા તમામ વીજ ગ્રાહકો ના મીટર રીડિંગ, મીટરીંગ કોન્સોલ તેમજ વોચ ડોગ ઉપકરણો દ્વારા, AMR (Automatic Meter Reading) પદ્ધતિથી લેવાના રહેશે.

31. SKY ફીડર પર 3 ફેજ પાવર સપ્લાય સિવાય ના સમય માટે SDT/PLMT/Watch Dog Device થી ૧(સિંગલ) ફેજ પાવર સપ્લાય આપવાની હયાત પદ્ધતિ યથાવત રહેશે.

32. આ યોજનામા જોડાવા માટે આ સાથે જોડેલ 'Application form SKY-1' અને તે સાથેનું હયાત વીજ જોડાણ માટેનું બાહેધરી પત્રક અથવા હયાત વિજજોડાણ ના હોય અને અરજી પડતર હોય તે માટેનું બાહેધરી પત્રક ભરવાનું રહેશે।

33. આ યોજનામા જોડાવા માટે એમપેનેલ્ડ એજન્સી દ્વારા SKY ખેડૂત, એજન્સી અને વિજવિતરણ કંપની વચ્ચે પ્રથમ ૭ (સાત) વર્ષ માટે ત્રિપક્ષિય કરાર કરવાનો રહેશે.

34.આ યોજનામા જોડાવા માટે SKY ખેડૂત અને વિજવિતરણ કંપની વચ્ચે દ્વિપક્ષિય વીજળી ખરીદ કરાર (Power Purchase Agreement -PPA ) ૨૫ (પચ્ચીસ) વર્ષ માટે નિયત કરાયેલ નમૂના મુજબ કરવાનો રહેશે. જે PPA સહી કરવાની સત્તા સોલર રૂફ ટોપ યોજનાની વર્તમાન પ્રણાલી મુજબ સંલગ્ન વીજ વિતરણ કંપનીના સંલગ્ન પેટાવિભાગીય કચેરીના નાયબ ઇજનેરને રહેશે.

35. CUF (Capacity Utilization Factor) ની ગણતરી EOI **for Empanelment of SPV Agencies** (vide No: PGVCL/DSM/EOI/Ag. Solarization/2018-19/01 Dated: 29/05/2018) ની શરતો ને આધીન રહેશે. આ CUF ની ન્યૂનતમ મર્યાદા ૧૮.૩% અને મહતમ મર્યાદા ૨૦% રહેશે.

36. ભવિષ્યમાં આ પરિપત્ર અને આ વિષયમાં જે સુધારા વધારા થાય તે તમામ સંબંધ કર્તાઓને બંધનકર્તા રહેશે.

આ પરિપત્રની જાણ આપની કક્ષાએથી તમામ ક્ષેત્રીય કચેરીઓને અમલીકરણ અર્થે કરવા સારૂ.

**કા.વા. મુખ્ય ઇજનેર(ટેક)**

બિડાણ: 1. ઉ અને પેટ્રો. વિભાગનો ઠરાવ ક્રમાંક: SLR/11/2016/2284/B1 તા. ૨૭/૬/૨૦૧૮,

2. પરિશિષ્ટ-ક (વ્યાખ્યાઓ),
3. પરિશિષ્ટ-ખ (કરારિત વિજભર, ઈન્વર્ટર ક્ષમતા અને પીવી પેનલ ક્ષમતા નો કોષ્ટક),
4. પરિશિષ્ટ-ગ (સંચાલન સમિતિની રચના અને સમિતિ અરજી નોંધણીનું ફોર્મ),
5. પરિશિષ્ટ-ઘ (ખેડૂતે ચૂકવવાપાત્ર ૫% ફાળાની પીવી ક્ષમતામુજબ ની રકમ)
6. SKY યોજનામાં જોડાવાનું અરજી પત્રક

**પ્રતિ**

**મેનેજીંગ ડીરેકટરશ્રી**

**દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની**

**રજી. અને કોર્પોરેટ ઓફીસ**

**સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ**

નકલ સાદર રવાના -

1. માન. ઉર્જામંત્રીશ્રીના અંગતસચિવશ્રી, માન. ઉર્જામંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી રાજ્યકક્ષા(ઉર્જા) ના અંગતસચિવશ્રી, માન. મંત્રીશ્રી રાજ્યકક્ષા(ઉર્જા) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. માન. અગ્ર સચિવશ્રી(EPD)ના અંગતસચિવશ્રી ઉર્જા પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. મેનેજીંગ ડીરેકટરશ્રી, જીયુવીએનએલ,વડોદરા.
5. ડીરેકટરશ્રી (ટેકનીકલ/ નાણાં), જીયુવીએનએલ, વડોદરા.
6. એક્સિકુટિવ ડીરેકટરશ્રી (એફ&એ), જીયુવીએનએલ, વડોદરા.
7. અધિક સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના -

1. મુખ્ય ઈજનેરશ્રી (ટેક /પ્રોજેકટ )કોર્પોરેટ ઓફિસ , દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની, સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ
2. મુખ્ય ઇજનેર શ્રી પરીવહન , GETCO, કોર્પોરેટ ઓફીસ, વડોદરા.
3. મુખ્ય ઇજનેર શ્રી લોડ ડિસ્પેચ , SLDC, ગોત્રી, વડોદરા
4. જનરલ મેનેજર (આઈ.ટી. /કોમર્સ ), જીયુવીએનએલ, વડોદરા.
5. જનરલ મેનેજર (F&A) કોર્પોરેટ ઓફિસ , દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની, સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ
6. ઉપ સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. લાયઝન ઓફિસરશ્રી, માન. ઉર્જા મંત્રીશ્રીનુ કાર્યાલય, પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
8. સરકારી સંદર્ભ વિભાગ, જીયુવીએનએલ, વડોદરા

**'પરિશિષ્ટ-ક'**

**પરિપત્રમાં ઉપયોગ થયેલ શબ્દો કે શબ્દસમૂહો ની વ્યાખ્યા નીચે મુજબ છે.**

1. SKY/સ્કાય : રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલ યોજના "**સૂર્યશક્તિ કિસાન યોજના**"

2. **SKY ગ્રાહક**: SKY યોજના માં જોડાયેલ ખેતીવાડી વીજ ગ્રાહક.

3. **SKY ફીડર**: SKY યોજના માં સમાવાયેલ ફીડર.

4. **કરારીત હો.પા.** : ગ્રાહક ના કરારીત વિજભાર.

5. **ખેડૂત: ખેતીવિષયક વીજ ગ્રાહક.**

6. સોલર પીવી ની **મૂળ ક્ષમતા**: ગ્રાહકના કરારીત વિજભાર(હોર્સ પાવર) ના ૧.૨૫ ગણી (૧. હો.પા. દીઠ ૧.૨૫ કિ.વો. લેખે) સોલર ફોટોવોલ્ટિક પીવી સિસ્ટમની 'પરિશિષ્ટ-ખ' મા દર્શાવ્યા મુજબ તાંત્રિક રીતે લાગુ પડતી નજીકની યોગ્ય ઈન્વર્ટરની AC (Alternating Current) ક્ષમતા

7. સોલર પીવી ની **અધિક ક્ષમતા**: સોલર પીવી મૂળ ક્ષમતા કરતાં વધારાની ની માગણી મુજબ ની ક્ષમતા

8. સોલર પીવી ની **કુલ ક્ષમતા**: સોલર પીવી ની **મૂળ ક્ષમતા અને અધિક ક્ષમતાનો સરવાળો.**

9. SKY ફીડર નેટ મીટર: સબ-સ્ટેશન જે તે SKY ફીડરની પેનલ પર મુકેલ ફીડરની એક્સપોર્ટ અને ઇમ્પોર્ટ વીજળી માપવાનું મુખ્ય મીટર.

10. જનરેશન મીટર: સોલર પીવી સિસ્ટમ થી ઉત્પન્ન થતી વીજળી માપવાનું વીજ મીટર

11. કંજયુમર મીટર: ગ્રાહક નો વીજ વપરાશ માપવાનું લોડ તરફનું વીજ મીટર

12. ગ્રાહક નેટ મીટર: વીજ વિતરણ કંપનીની લો-ટેંસન (LT) વિજલાઇન તરફ મૂકવામાં આવતું મીટર કે જેમાં ગ્રાહક દ્વારા સોલર ઉત્પાદિત વપરાશ પછીની એક્સપોર્ટ કરાતી વીજળી અને પોતાના વીજ સ્થાપનમાં વપરાશ માટે ઇમ્પોર્ટ કરાતી વીજળી પાપી શકાય તે મીટર. આ મીટરમાં ઇમ્પોર્ટ અને એક્સપોર્ટ યુનિટ મપાય છે.

13. વધારાની ઉત્પાદિત વીજળી :- દરેક SKY ખેડૂતના નેટ-મીટરમાંથી ગ્રીડમાં Export કરાતી સોલર વીજળીમાં માટે, જે તે SKY ફિડરના સબસ્ટેશન લેવલના 'ફીડર નેટ મીટર'મા જે તે બિલિંગ સાયકલ

દરમિયાન નોંધાતી Import સોલર ઉર્જા ની વીજળીમાં વીજ વિતરણ કંપની દ્વારા તાંત્રિક ઘટ(Technical loss) પેટેના 5% યુનિટ મજરે આપ્યા આપ્યા બાદ વધેલ વીજળીને તે ફિડરના બધા SKY ગ્રાહકોના નેટ-મીટરમાં નોંધાયેલ Export યુનિટ ના પ્રમાણમાં વરાડે( Pro-rata) વહેંચેલ યુનિટ

14. ડોમેસ્ટિક મીટર: ગ્રાહકના ખેતીવાડી મીટર સાથે ઘર વપરાશ / ફાર્મ હાઉસ નું લાઇટિંગ મીટર

15. એજન્સી / એમપાનેલ્ડ એજેન્સી : વીજ કંપની દ્વારા નિયત કરેલી સોલર પીવી સિસ્ટમ લગાવવા માટેની કરાર કરાયેલ એજન્સી

16. વોચડોગ યુનિટ: સ્કાયમાં યોજનામાં ના જોડાય તેવા ગ્રાહકને ત્યાં / ટ્રાન્સફોર્મર પર લગાવવાનું વિજમીટર, જે ૮ કલાક ૩ ફેજ પાવર નિયંત્રણ કરશે.

17. ગ્રાહક નેટ-મીટરના નોંધાયેલ ઇમ્પોર્ટ યુનિટ: સોલાર પેનલ દ્વારા ઉત્પાદિત વીજ યુનિટ કરતાં ગ્રાહકના વપરાશના યુનિટ વધારે હોય ત્યારે ગ્રાહક દ્વારા હળવા દબાણની વીજ લાઇનમાંથી લીધેલા હોય તેવા યુનિટ ( નેટમીટર માં ઋણ યુનિટ)

18. ગ્રાહક નેટ-મીટરના નોંધાયેલ એક્સપોર્ટ યુનિટ: સોલાર પેનલ દ્વારા ઉત્પાદિત વીજ યુનિટ કરતાં ગ્રાહકના વપરાશના યુનિટ ઓછા હોય ત્યારે ગ્રાહક દ્વારા હળવા દબાણની વીજ લાઇનમાં આપેલા હોય તેવા યુનિટ ( નેટમીટર માં ધન યુનિટ)

19. નેટ બિલીંગ એનેર્જીની : જે તે ફીડરની કુલ વીજ વિતરણ ઘટ પૈકી 5% તાંત્રિક ઘટ વીજ વિતરણ કંપનીએ ભોગવી બાકીની વીજ વિતરણ ઘટ તે ફિડરના બધા SKY ગ્રાહકોના નેટ-મીટરમાં નોંધાયેલ Export થયેલ યુનિટ ના પ્રમાણમાં વરાડે( Pro-rata) વહેંચ્યા બાદ ખરીદવા પાત્ર થતી વીજળી ને નેટ બિલીંગ એનેર્જીની ગણવાની રહેશે.

## 'પરિશિષ્ટ-ખ'

## (કરારિત વિજભર, ઈન્વર્ટર ક્ષમતા અને પીવી પેનલ ક્ષમતા નો કોષ્ટક)

ખેતી વિષયક વીજ ગ્રાહક કરારીત વિજભાર(HP) ના ૧.૨૫ ગણી સોલર પીવી સિસ્ટમ (KW) સ્થાપિત કરવા માટે નીચે દર્શાવ્યા મુજબ લાગુપડતી તાંત્રિક રીતે યોગ્ય ક્ષમતા ગણવાની રહેશે

| **Sr. No.** | **Contract Load** | | | **Minimum AC (Inverter) Capacity** | **Minimum DC (PV Module) Capacity** |
|---|---|---|---|---|---|
| | (hp) | | | (kW) | (kW @ STC) |
| **1.** | | ≤ | 3 | 5 | 5.5 |
| **2.** | 3.1 | - | 5 | 6 | 6.6 |
| **3.** | 5.1 | - | 7.5 | 9 | 9.9 |
| **4.** | 7.6 | - | 10 | 12 | 13.2 |
| **5.** | 10.1 | - | 12.5 | 15 | 16.5 |
| **6.** | 12.6 | - | 15 | 18 | 19.8 |
| **7.** | 15.1 | - | 16 | 18 | 19.8 |
| **8.** | 16.1 | - | 17.5 | 20 | 22 |
| **9.** | 17.6 | - | 20 | 25 | 27.5 |
| **10.** | 20.1 | - | 22.5 | 25 | 27.5 |
| **11.** | 22.6 | - | 25 | 30 | 33 |
| **12.** | 25.1 | - | 27.5 | 35 | 38.5 |
| **13.** | 27.6 | - | 30 | 35 | 38.5 |
| **14.** | 30.1 | - | 35 | 40 | 44 |
| **15.** | 35.1 | - | 40 | 50 | 55 |
| **16.** | 40.1 | - | 45 | 55 | 60.5 |
| **17.** | 45.1 | - | 50 | 60 | 66 |
| **18.** | 50.1 | - | 55 | 65 | 71.5 |
| **19.** | 55.1 | - | 60 | 70 | 77 |
| **20.** | 60.1 | - | 63 | 75 | 82.5 |
| **21.** | 63.1 | - | 65 | 75 | 82.5 |
| **22.** | 65.1 | - | 70 | 85 | 93.5 |
| **23.** | 70.1 | - | 75 | 90 | 99 |
| **24.** | 75.1 | - | 80 | 100 | 110 |
| **25.** | 80.1 | - | 85 | 100 | 110 |
| **26.** | 85.1 | - | 90 | 110 | 121 |
| **27.** | 90.1 | - | 95 | 110 | 121 |
| **28.** | 95.1 | - | 100 | 120 | 132 |
| **29.** | 100.1 | - | 100.1 | 120 | 132 |
| **30.** | 100.2 | - | 105 | 130 | 143 |
| **31.** | 105.1 | - | 110 | 130 | 143 |
| **32.** | 110.1 | - | 115 | 140 | 154 |
| **33.** | 115.1 | - | 120 | 140 | 154 |
| **34.** | 120.1 | - | 125 | 150 | 165 |

## ‘પરિશિષ્ટ-ધ’

## (ખેડૂતે ચૂકવવાપાત્ર ૫% ફાળાની પીવી ક્ષમતામુજબ ની રકમ)

| Sr. No. | Contracted load (HP) | Contracted load Range from -to (HP) | | Minimum AC (Inverter) Capacity KW(AC) | SPV System AC Capacity | Minimum DC (PV Module) Capacity | Rate of PV system including GST RS./KW (AC) | Per UNIT cost of PV SYSTEM (with GST) (Rs.) | Consumer contribution @ 5% (Rs.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | **3.00** | | 3.00 | 5 | 5 kW(AC) | 5.5 | 52091.00 | 260455.00 | **13022.75** |
| 2 | **5.00** | 3.10 | 5.00 | 6 | Above 5 and up to 9 kW(AC) | 6.6 | 51975.00 | 311850.00 | **15592.50** |
| 3 | **7.50** | 5.10 | 7.50 | 9 | | 9.9 | 51975.00 | 467775.00 | **23388.75** |
| 4 | **10.00** | 7.60 | 10.00 | 12 | Above 9 kW(AC) and up to 20 kW(AC) | 13.2 | 50295.00 | 603540.00 | **30177.00** |
| 5 | **12.50** | 10.10 | 12.50 | 15 | | 16.5 | 50295.00 | 754425.00 | **37721.25** |
| 6 | **15.00** | 12.60 | 15.00 | 18 | | 19.8 | 50295.00 | 905310.00 | **45265.50** |
| 7 | **16.00** | 15.10 | 16.00 | 18 | | 19.8 | 50295.00 | 905310.00 | **45265.50** |
| 8 | **17.50** | 16.10 | 17.50 | 20 | | 22 | 50295.00 | 1005900.00 | **50295.00** |
| 9 | **20.00** | 17.60 | 20.00 | 25 | Above 20 kW(AC) and up to 50 kW(AC) | 27.5 | 45149.00 | 1128725.00 | **56436.25** |
| 10 | **22.50** | 20.10 | 22.50 | 25 | | 27.5 | 45149.00 | 1128725.00 | **56436.25** |
| 11 | **25.00** | 22.60 | 25.00 | 30 | | 33 | 45149.00 | 1354470.00 | **67723.50** |
| 12 | **27.50** | 25.10 | 27.50 | 35 | | 38.5 | 45149.00 | 1580215.00 | **79010.75** |
| 13 | **30.00** | 27.60 | 30.00 | 35 | | 38.5 | 45149.00 | 1580215.00 | **79010.75** |
| 14 | **32.50** | | | 40 | | 44 | 45149.00 | 1805960.00 | **90298.00** |
| 15 | **35.00** | 30.10 | 35.00 | 40 | | 44 | 45149.00 | 1805960.00 | **90298.00** |
| 16 | **37.50** | | | 50 | | 55 | 45149.00 | 2257450.00 | **112872.50** |
| 17 | **40.00** | 35.10 | 40.00 | 50 | | 55 | 45149.00 | 2257450.00 | **112872.50** |
| 18 | **42.50** | | | 55 | Above 50 kW(AC) and up to 100 kW(AC) | 60.5 | 41999.00 | 2309945.00 | **115497.25** |
| 19 | **45.00** | 40.10 | 45.00 | 55 | | 60.5 | 41999.00 | 2309945.00 | **115497.25** |
| 20 | **47.50** | | | 60 | | 66 | 41999.00 | 2519940.00 | **125997.00** |
| 21 | **50.00** | 45.10 | 50.00 | 60 | | 66 | 41999.00 | 2519940.00 | **125997.00** |
| 22 | **52.50** | | | 65 | | 71.5 | 41999.00 | 2729935.00 | **136496.75** |
| 23 | **55.00** | 50.10 | 55.00 | 65 | | 71.5 | 41999.00 | 2729935.00 | **136496.75** |
| 24 | **57.50** | | | 70 | | 77 | 41999.00 | 2939930.00 | **146996.50** |
| 25 | **60.00** | 55.10 | 60.00 | 70 | | 77 | 41999.00 | 2939930.00 | **146996.50** |
| 26 | **62.50** | 60.10 | 63.00 | 75 | | 82.5 | 41999.00 | 3149925.00 | **157496.25** |
| 27 | **65.00** | 63.10 | 65.00 | 75 | | 82.5 | 41999.00 | 3149925.00 | **157496.25** |
| 28 | **67.50** | | | 85 | | 93.5 | 41999.00 | 3569915.00 | **178495.75** |
| 29 | **70.00** | 65.10 | 70.00 | 85 | | 93.5 | 41999.00 | 3569915.00 | **178495.75** |
| 30 | **72.50** | | | 90 | | 99 | 41999.00 | 3779910.00 | **188995.50** |
| 31 | **75.00** | 70.10 | 75.00 | 90 | | 99 | 41999.00 | 3779910.00 | **188995.50** |
| 32 | **77.50** | | | 100 | | 110 | 41999.00 | 4199900.00 | **209995.00** |
| 33 | **80.00** | 75.10 | 80.00 | 100 | | 110 | 41999.00 | 4199900.00 | **209995.00** |
| 34 | **82.50** | | | 100 | | 110 | 41999.00 | 4199900.00 | **209995.00** |
| 35 | **85.00** | 80.10 | 85.00 | 100 | | 110 | 41999.00 | 4199900.00 | **209995.00** |

| Sr. No. | HP | Contracted load from -to (HP) | | Minimum AC (Inverter) Capacity KW(AC) | SPV System AC Capacity | Minimum DC (PV Module) Capacity | Rate of PV system including GST RS./KW (AC) | Per UNIT cost of PV SYSTEM (with GST) (Rs.) | Consumer contribution @5% (Rs.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 36 | **87.5** | 85.1 | 90 | 110 | Above 100 kW(AC) and up to 150 kW(AC) | 121 | 41474.00 | 4562140.00 | **228107.00** |
| 37 | **90** | | | 110 | | 121 | 41474.00 | 4562140.00 | **228107.00** |
| 38 | **92.5** | 90.1 | 95 | 110 | | 121 | 41474.00 | 4562140.00 | **228107.00** |
| 39 | **95** | | | 110 | | 121 | 41474.00 | 4562140.00 | **228107.00** |
| 40 | **97.5** | 95.1 | 100 | 120 | | 132 | 41474.00 | 4976880.00 | **248844.00** |
| 41 | **100** | | | 120 | | 132 | 41474.00 | 4976880.00 | **248844.00** |
| 42 | **102.5** | 100.1 | 100.1 | 120 | | 132 | 41474.00 | 4976880.00 | **248844.00** |
| 43 | **105** | 100.2 | 105 | 130 | | 143 | 41474.00 | 5391620.00 | **269581.00** |
| 44 | **107.5** | 105.1 | 110 | 130 | | 143 | 41474.00 | 5391620.00 | **269581.00** |
| 45 | **110** | | | 130 | | 143 | 41474.00 | 5391620.00 | **269581.00** |
| 46 | **112.5** | 110.1 | 115 | 140 | | 154 | 41474.00 | 5806360.00 | **290318.00** |
| 47 | **115** | | | 140 | | 154 | 41474.00 | 5806360.00 | **290318.00** |
| 48 | **117.5** | 115.1 | 120 | 140 | | 154 | 41474.00 | 5806360.00 | **290318.00** |
| 49 | **120** | | | 140 | | 154 | 41474.00 | 5806360.00 | **290318.00** |
| 50 | **125** | 120.1 | 125 | 150 | | 165 | 41474.00 | 6221100.00 | **311055.00** |